# કુદરતી સંશાધનોનો દુરૂપયોગ ઘટાડો અને જન્મદિને એક વૃક્ષ જરૂર વાવો : મંગુભાઈ પટેલ

## વિશ્વ પર્યાવરણ દિવસે અત્યાધુનિક પરીક્ષણ અને રીસર્ચ લેબોરેટરીનું વન પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલે લોકાર્પણ કર્યુ

ગાંધીનગર, તા.૫

દરેક વ્યકિતએ તેના જન્મદિવસે એક વૃક્ષ વાવવું જોઈએ. ભારતના લોકો પ્રકૃતિના પુજારી છે. સૂર્ય, નદી, પાણી, વૃક્ષ અને અન્ય કુદરતી તત્ત્વોની પૂજા પર્યાવરણનું




મહત્વ સમજવા માટે છે. ગાંધીજીએ કહ્યું હતું કે કુદરતી રચના મુજબ આપણને બધુ જ આપોઆપ મળે છે પરંતુ આપણે તેનો ઉપયોગ કરવાના બદલે વિકાસની હોડમાં પ્રદૂષણ થાય ત્યાં સુધી ઉપયોગ કરીએ છીએ તેથી કયારેક કુદરત તેની સજા વિવિધ રીતે આપે છે. આજે વિશ્વ પર્યાવરણ દિને ગાંધીનગરમાં અત્યાધુનિક પરીક્ષણ લેબોરેટરીનું ઉદઘાટન કરતા વન અને પર્યાવરણ મંત્રી મંગુભાઈ પટેલે ઉપરોકત વાતો કહી હતી તેમણે રોજીંદા જીવનમાં કુદરતી સંશાધનોનો દુરુપયોગ ઘટાડી પરંપરાગત જીવન શૈલી પર ભાર મુકવા હાકલ કરી હતી.

મંગુભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે હવા, પાણી, જમીન જેવી કુદરતી સંપત્તિ આજે પ્રદુષિત થઈ રહી છે તે વાતનો ખ્યાલ પ્રદૂષણકર્તાને નથી આવતો પરંતુ તેનો ભોગ બનનારને આવે છે.

મંગુભાઈ પટેલે આજે દેશની બીજા નંબરની અત્યાધુનિક વૈજ્ઞાનિક સાધન ધરાવતી પરીક્ષણ અને રીસર્ચ લેબોરેટરીનું લોકાર્પણ કર્યું હતું. આ લેબોરેટરી ગુજરાત સરકારના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ બેંક સહાયિત આઈસીઝેડએમ પ્રોજેકટ હેઠળ રૂપિયા ૨૫ કરોડના ખર્ચે તૈયાર કરાઈ છે. આ પ્રસંગે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષ ડૉ. કે.યુ. મિસ્ત્રી, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે. તનેજા અધિક મુખ્ય વન સરંક્ષક એસ.સી. પંત, બાયોડાયવર્સીટી બોર્ડના ચેરમેન ડૉ. જે.એ. ખાન, ઈકોલોજી કમીશનના સભ્ય સચિવ એ.કે. સકસેના, અગ્ર મુખ્ય વન સંરક્ષક દિનેશ મિશ્રા, ઈકોલોજી કમીશનના નિયામક એ.સી. પંત સહિત અનેક ઉદ્યોગપતિઓ, અગ્રણીઓ અને પર્યાવરણ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જીપીસીબી દ્વારા પ્રકાશિત મુખપત્ર એન્વાર્યમેન્ટ એકશન તથા એન્વાર્યમેન્ટ ઓડિટ સ્કીમની પુસ્તિકા અને ઈકોલોજી કમિશનના પર્યાવરણીય પોસ્ટરનું પણ વિમોચન કર્યું હતું.

# મનપા દ્વારા ૧૨ લાખથી વધુ કિંમતની મેગી નુડલ્સ પરત લેવા જણાવાયુ

ગાંધીનગર, તા.૫

રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મેગી નુડલ્સના વેચાણ, વિતરણ, ઉત્પાદન અને સંગ્રહ પર એક માસનો પ્રતિબંધ જાહેર કરાતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફુડ વિભાગ દ્વારા આજે શહેરના બે ડિસ્ટ્રીબ્યુટરને પ્રતિબંધીત, મેગી નુડલ્સનો જથ્થો દુકાનો બજારમાંથી પરત ખેંચવા અને પરત ખેંચેલ જથ્થો ઉત્પાદક કંપનીમાં પરત મોકલી દેવા સંદર્ભે નોટીસ અપાઈ હતી.

ઉપરાંત ડિસ્ટ્રીબ્યુટર દ્વારા પરત ખેંચાયેલા પ્રતિબંધીત મેગી નુડલ્સના જથ્થાની વિગતો મેળવાઈ હતી જેમાં બે ડિસ્ટ્રીબ્યુટર દ્વારા મેગી નુડલ્સનો જથ્થો પરત મેળવાયો હોવાનું તથા આશરે રૂ. ૧૨૨૩૪૨૮ની કિંમતનો ૧૦,૦૮૫ કિગ્રા જેટલો જથ્થો ઉત્પાદક કંપનીને પરત મોકલવા કાર્યવાહી કરાઈ હોવાનું જણાવાયું હતું.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ફુડ વિભાગ દ્વારા આજે પ્રતિબંધીત મેગી નુડલ્સના ખાદ્ય જથ્થા સંદર્ભે કાર્યવાહી કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અંતર્ગત મ્યુનિ. ફુડ વિભાગ દ્વારા શહેરના બે ડિસ્ટ્રીબ્યુટરોને આ મામલે નોટીસ અપાઈ હતી તથા પ્રતિબંધીત મેગી નુડલ્સનો જથ્થો ઉત્પાદક કંપનીને પરત મોકલવા જણાવાયું હતું. ફુડ વિભાગે સે-૨૫માં આવેલ જય માર્કેટીંગ એકમમાં તપાસ હાથ ધરી હતી જેમાં ડિસ્ટ્રીબ્યુટર દ્વારા પ્રતિબંધીત મેગી નુડલ્સનો રૂપિયા ૧,૩૬,૭૫૦ની કિંમતનો ૯૫૪૨.૪૧૫ કિગ્રાનો જથ્થો ઉત્પાદક કંપનીને પરત મોકલવા જણાવાયું હતું. જેમાં ડિસ્ટ્રીબ્યુટર દ્વારા વિભિન્ન દુકાનોમાંથી પ્રતિબંધીત મેગી નુડલ્સનો જથ્થો પરત મેળવાયો હતો તેમજ હાલ પણ પ્રતિબંધીત જથ્થો પરત મેળવવાની કાર્યવાહી જારી હોવાનું જણાવાયું હતું. જયારે સે-૨૬માં આવેલી બ્રહ્માણી સેલ્સ એજન્સી દ્વારા પ્રતિબંધીત મેગી નુડલ્સનો રૂપિયા ૬૦,૬૭૮ની કિંમતનો ૫૪૩ કિગ્રા જથ્થો ઉત્પાદક કંપનીને પરત મોકલ્યો હોવાનું જણાવાયું હતું. તેમજ પ્રતિબંધીત જથ્થો પરત મેળવવાની કાર્યવાહી જારી હોવાનું જણાવાયું હતું.

# અમદાવાદને ટોબેકો ફ્રી કરવા અનોખું જનજાગૃતિ અભિયાન

## ડોકટરો તેમજ સ્ટુડન્ટસે રેલી કાઢીઃ શેરી નાટકના માધ્યમથી જનજાગૃતિ કેળવવા પ્રયાસઃ શિમલા અને ચંદીગઢની જેમ અમદાવાદને તમાકુ મુકત કરવાનો ઉમદા પ્રયાસ

ગાંધીનગર તા ૫

સિમલા અને ચંડીગઢની જેમ અમદાવાદને પણ ટોબેકો ફ્રી કરવા શહેરના ડોકટરો તેમજ ડેન્ટીસ્ટક્ષેત્રે



અભ્યાસ કરતા સ્ટુડન્ટસ દ્વારા વિવિધ ત્રણ સ્થળેથી રેલી યોજવામાં આવી હતી. આ જન જાગૃતિ રેલી દરમિયાન શેરી નાટક ભજવીને નાગરિકોને તમાકુ છાડવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ અભિયાનમાં ૨૦૦થી વધુ ડોકટરો જોડાયા હતા.આ તબક્કે અમદાવાદને પણ ટોબેકો ફ્રી કરવાનું સ્વપ્ન સાકાર કરવા પણ પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

અમદાવાદને ટોબેકો ફ્રી કરવા માટે એ.એમ.સી., સીટી પોલીસ તેમજ એજયુકેશન યુનિવર્સિટિ અને મેડીકલ કોલેજ દ્વારા નવતર અભિગમ અપનાવાયો છે. શહેરના જોઈન્ટ પોલીસ કમિશ્નર રાજીવ રંજન ભગત તેમજ ગુજરાત યુનિવર્સિટિના વાઈસ ચેરમેન એમ. એન. પટેલે પણ આ અભિયાનને પ્રોત્સાહક બળ પુરુ પાડયુ હતું. નો-ટોબેકો દિવસ નિમિત્તે શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણેથી જનજાગૃતિ રેલી યોજવામાં આવી હતી. થલતેજ થી કાલુપુર, નરોડા, નારોલ તેમજ થલતેજથી સી.જી. રોડના રૂટમાં રેલી નિકળી હતી. આ દરમિયાન શેરી નાટક યોજીને નાગરિકોને વ્યસન મુકત થવા અપીલ કરવામાં આવી હતી. જયારે ડોકટરો દ્વારા નાગરિકોને તમાકુ છોડવા પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી. આ રેલીમાં અમદાવાદ ડેન્ટલ કોલેજના ૨૦૦ ડોકટર, જાઈડસ હોસ્પિટલના ૨૦ સહિત ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટયુટ તેમજ કેન્સર સોસાયટી મેડીકલ કોલેજના તબીબો પણ જોડાયા હતા. આ રેલીના સફળ આયોજન માટે પબ્લીક હેલ્થ ડેન્ટીસ્ટ્રીના ડો હર્ષ જી. શાહ તેમજ અમદાવાદ ડેન્ટલ કોલેજના ડીન ડો મીહીર શાહ તેમજ ડો વી. એન. શાહે જહેમત ઉઠાવી હતી. આ અભિયાન દરમિયાન નાગરિકોને તમાકુથી થતા મોઢાના કેન્સર અંગે પણ જાગૃત કરવામાં આવ્યા હતા.

## વનવિભાગે નર્સરીઓમાં મહિલા કર્મચારીના હસ્તે સિંદૂર વાવી પર્યાવરણ દિન ઉજવ્યો

ગાંધીનગર, તા.૫

આજે ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વન વિભાગ દ્વારા સંચાલિત તમામ નર્સરીઓમાં મહિલા કર્મચારીના હસ્તે સિંદૂરના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પર્યાવરણ દિવસે નગરની તમામ સરકારી નર્સરીઓમાં અનોખા કોન્સેપ્ટ સાથે મહિલા કર્મચારીના હસ્તે સિંદૂરનું વૃક્ષારોપણ કરાયું હતું. સિંદૂરનો ઉપયોગ ભારતીય સંસ્કૃતિમાં ખૂબ મહત્વનો છે. પરિણિત મહિલાઓ તેમના સૌભાગ્યની રક્ષા માટે સેંથીમાં સિંદૂર પૂરે છે. પૌરાણિક માન્યતા પ્રમાણે હનુમાનજીએ ભગવાન શ્રીરામની રક્ષા અને લાંબા આયુષ્ય માટે આખા શરીરે સિંદૂર લગાડી દીધું હતું ત્યારથી તેમના સિંદૂરવર્ણા સ્વરૂપની જ જગત પૂજા કરે છે. વન વિભાગ દ્વારા પણ આજે પર્યાવરણ દિસવે અનોખા કોન્સ્પેટ સાથે નર્સરીઓ દ્વારા તૈયાર કરાયેલા વૃક્ષો-છોડવાંઓ વિકસે અને લાંબુ આયુષ્ય મેળવે જેથી ધરતીને શકય હોય તેટલી લીલીછમ રાખી શકાય તે માટે દરેક નર્સરીમાં મહિલા કર્મચારીના હસ્તે સિંદૂરના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની જીઆઈડીસીની ઘણી કંપનીઓ દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે ફેકટરી સંકુલમાં વૃક્ષારોપણ કરવા માટ મોટી સંખ્યામાં વૃક્ષોના રોપા નર્સરીઓમાંથી લઈ જવામાં આવ્યા હતાં.

## પરબડાની ૨૪ વર્ષીય મહિલા ગુમ થતાં ચકચાર

હિંમતનગર નજીકના પરબડા ગામમાં રહેતી ૨૪ વર્ષીય મહિલા ગત મંગળવારે બપોરના સુમારે દુકાને જવાનું કહી નીકળ્યા બાદ તેનો આજદિન સુધી કોઈ અત્તોપત્તો ન મળતા મહિલાની માતાએ ઘટના અંગે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે જાણ કરી હતી. પોલીસે ગુમ થનાર પરબડાની મહિલાની ભાળ મેળવવા તપાસ હાથ ધરી છે.

હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર પરબડા ગામે પિયરમાં રહેતા મધુબેન પ્રહલાદભાઈ વાદી (ઉ.વ.૨૪) ના લગ્ન ડીસાના સતિષભાઈ વાદી સાથે થયા હતા. દરમિયાનમાં મધુબેન છેલ્લા એકાદ વર્ષથી સાસરીમાંથી પિયર આવી પરબડા ગામે તેણીની માતા સાથે રહેતા હતા. ૨ જૂનને મંગળવારે મધુબેન બપોરના સુમારે માતાને દુકાને જાઉ છું તેમ કહી નીકળ્યા હતા. જે આજદિન સુધી ઘરે પરત ન આવતા ચિંતાતુર બનેલી માતા બડીબેન વાદીએ ગુરૂવારે હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઘટના અંગેની જાણ કરી હતી. ગુમ થનાર મહિલા મધુબેન રસોડાનું કામકાજ કરતી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યુ હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# એક દિવસ નહી, દરરોજ પર્યાવરણ દિવસ ઉજવણીએ : આનંદીબેન પટેલ

## પર્યાવરણનું જતન કરવા સ્વચ્છતા જાળવવા અને વધુ વૃક્ષો વાવવાનો મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો વિશ્વ પર્યાવરણ દિને સંદેશ

ગાંધીનગર, તા. ૫

માત્ર એક જ દિવસ નહી, સદા માટે પર્યાવરણ દિનની ઉજવણી કરવી જોઈએ તેવો પ્રેરણાત્મક સંદેશ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રાજ્યના નાગરિકોને પાઠવ્યો છે. મુખ્યમંત્રીએ તેમના સંદેશામાં નાગરિકોને કચરો કચરાપેટીમાં જ નાંખવા આગ્રહ કરતાં ગમે ત્યાં ફેંકેલા કચરાથી નદી, તળાવ, સમુદ્ર વગેરે પ્રદૂષિત થાય છે તે બાબતે ધ્યાન દોર્યુ છે. આ ઉપરાંત રોડ પર પડેલા કચરાથી પણ રોગજન્ય જીવજંતુઓ પેદા થાય છે અને બાળકો-માતાઓ રોગના ભોગ બને છે.

આ સાથે તેમણે બાળકો-માતાઓને ખુલ્લામાં હાજતે જવાનુ બંધ કરવાની અપીલ કરતા પર્યાવરણનું જતન કરવા હાંકલ કરી છે. મુખ્યમંત્રી આનંદીબેને ચિંતા વ્યક્ત કરી છે કે આ વર્ષે એક પણ મહિનો એવો નથી ગયો કે ક્યાંક કરાં-વરસાદ ના પડ્યા હોય. આ ઋતુ પરિવર્તનને ગ્લોબલ વોર્મિંગનો ભાગ ગણાવતા તેમણે હવામાં ઓક્સિજનનું ઘટતુ પ્રમાણ અને કાર્બન ડાયોકસાઈડ તથા કાર્બન મોનોકસાઈડ તેમજ મિથેનનું પ્રમાણ વધવા માટે પ્રદૂષણને જવાબદાર ઠેરવ્યું છે. તેમણે પ્રદૂષિત વાતાવરણને ચોખ્ખુ બનાવવા વધુને વધુ વૃક્ષો વાવવા અનુરોધ કર્યો છે. અને પર્યાવરણના જતનની ટેવ પાડવા તાકીદ કરી છે.

# ગાંધીનગરમાં પ્રથમવાર બોલીવુડની સસ્પેન્સ ફિલ્મનું શુટિંગ થશે

## શહેરમાં ફિલ્મના શુટિંગ માટે પુનિત વન, સરીતા ઉધાન તેમજ અડાલજના સ્પોટની પસંદગી.શુટિંગ માટે ગાંધીનગર ફેવરેબલઃ પ્રોડયુસર હર્ષવર્ધન જોષી

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં પ્રથમવાર બોલિવુડના ફિલ્મનું શુટિંગ કરવામાં આવશે.સસ્પેન્સ અને થ્રીલર મુવી માટે નગરના સરિતા ઉધાન,પુનિત વન,અડાલજ તેમજ પેથાપુર સહિતના વિસ્તારમાં લોકેશનની પસંદગી કરવામાં આવી છે. ફિલ્મના પ્રોડયુસર હર્ષવર્ધન જોષીના મતે ગાંધીનગર ઈન હાઉસ ફિલ્મ સીટી જેવું છે. રોડ નેટવર્ક તેમજ ગ્રીનરી અને વસતી મુજબ પણ શુટિંગના ટેસ્ટને પણ ગાંધીનગર ખુબ જ સાનુકુળ હોવાનો મત તેમણે વ્યકત કર્યો હતો. તેમની આ ફિલ્મ વર્ષના અંત સુધીમાં રીલીઝ થશે.

હરિયાળા ગાંધીનગરમાં હવે બોલીવુડની ફિલ્મો માટે રોલ કેમેરા એકશન સાથે શુટિંગના દ્રશ્યો જોવા મળશે. શહેરમાં પ્રથમવાર બોલિવુડની સસ્પેનશ ફિલ્મનું શુટિંગ કરવામાં આવશે. આ અંગે ફિલ્મના પ્રોડયુસર હર્ષવર્ધન જોષીએ જણાંવ્યું હતુ કે ફિલ્મનું નામ હજુ નક્કી કરવામાં આવ્યુ નથી. પરંતુ સસ્પેન્સ અને થ્રીલર મુવીનું નિર્માણ કરવા માટે ટુંકમાં શુટિંગ શરૂ કરી દેવાશે. ગુજરાતમાં વિકાસના નવા આયામો સાથે માળખાગત સુવિધાઓ પણ મજબૂત બની છે. જયારે ગાંધીનગર ઈન હાઉસ ફિલ્મ સીટી સમાન છે. અલબત્ત અહીં હરિયાળી ઉપરાંત ચકાચક રોડનેટવર્ક તેમજ વસતી મુજબ પણ પરિસ્થિતિ સાનુકુળ છે. સસ્પેન્સ મુવીની સ્ટોરી ધીરજ ભારતીએ તૈયાર કરી છે. જયારે ઝી ટીવી ની સિરિયલ પવિત્ર રિશ્તામાં કામ કરતા આરવસિંઘે એકટર તરીકે કામ સોંપવામાં આવ્યું છે. અગાઉ હર્ષવર્ધન તેમજ ધીરજ ભારતીએ નિર્વાણ ૧૩, નેમ ઓફ તાઈ, ગન્સ ઓફ ગુજરાત સહિતના ફિલ્મોમાં કામ કર્યુ છે.

આ ફિલ્મનું શુટિંગ ગાંધીનગરમાં સેકટર-૧ તળાવ તેમજ પુનિત વન અને અડાલજ વિસ્તારમાં પણ ફિલ્મના શુટિંગ માટે પોઈન્ટ નિયત કરી દેવામાં આવ્યા છે.



સરકારે ગુજરાતમાં ફિલ્મ ઉધોગને પ્રોત્સાહન આપવા ડીલરોને આવકારી સબસીડી આપવી જોઈએ જયારે અન્ય રાજયોના શહેરોની જેમ ફિલ્મફેર પણ ઓર્ગેનાઈઝ કરવો જોઈએ વધુમાં વાઈબ્રન્ટ દરમિયાન પણ ફિલ્મ મેકરને આમંત્રિત કરી ગુજરાતી તેમજ બોલીવુડના ફિલ્મ જગતને પ્રોત્સાહિત કરવા તરફ પણ નવતર પહેલ કરવાની અનિવાર્યતા છે તેમ પણ તેમણે જણાવ્યુ છે.

## મનરેગા કૌભાંડમાં પકડાયેલ આરોપીઓ ત્રણ દિવસના રિમાન્ડ પર

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં વર્ષ૨૦૧૧૧૨ માં રૂ.૨.૮૭ કરોડનું બોગસ બીલો અને બેન્કો ના ખાતા ખોલાવી નાણા ઉપાડી લઈને કૌભાંડ આચર્યું હતું જે અંગે ખેડબ્રહ્મા પોલીસ મથકમાં ટીડીઓ સહીત ૧૪ વિરુદ્ધ ફરિયાદ નોધાઈ હતી.જેમાં તપાસ કરતી એસઓજી શાખાએ અત્યાર સુધીમાં નિવૃત ટીડીઓ સહીત ચાર ની ધરપકડ કરી હતી અને વધુ એક આરોપીને ગુરુવારે ધરપકડ કર્યા બાદ શુક્રવારે કોર્ટ માં રજુ કરતા કોર્ટે દિન ત્રણના રિમાંડ મંજુર કર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં મનરેગાનું ૨ કરોડ ૮૭ લાખનું આચરાયેલા કૌભાંડમાં તપાસ કરતી એસઓજી ૧૪ આરોપીઓ માંથી નિવૃત ટીડીઓ,પ્રી ઓડીટર,ખાતેદાર અને બ્રહ્માણી એગ્રોટેકના સંચાલક સહીત ૪ ની ધરપકડ થઈ ચુકી છે ત્યારે ગુરુવારે વધુ એક હિમતનગરના મહાવીરનગર વિસ્તારમાં અંબિકા પરિવાર સોસાયટીમાં રહેતા આસીટન્ટ પ્રોગ્રામ ઓફિસર સંજયભાઈ રતિલાલ પટેલની તેના ઘરે થી ધરપકડ કરી હતી જેને શુક્રવારે સાંજે ખેડબ્રહ્માની જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરતા ન્યાયધીશે ૮ જુન સુધી દિન ત્રણ ના રિમાંડ મંજુર કર્યા હતા.આ કૌભાંડમાં પકડાયેલ સંજય પટેલનું કામ ઓફિસમાં રજુ થયેલા કામોના બીલોની ચકાસણી કરીને એકાઉટન્ટને આપવાનું હતું.

# બાયોલોજીનું પેપર લીક કરનાર જય સોમનાથ શાળાની માન્યતા રદ કરો

ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડની પરીક્ષા દરમિયાન અમદાવાદ મણીનગર સ્થિત સોમનાથ સ્કૂલના



સંચાલકો દ્વારા બાયોલોજીનું પેપર લીક કરવામાં આવ્યુંહતું. હજુ સુધી બોર્ડે સ્કૂલ સામે કડક કાર્યવાહી હાથ ધરી નથી. સ્કૂલ સંચાલકો સામે કાર્યવાહી કરી જેલમાં ધકેલવાની એન.એસ.યુ.આઈ. એ માંગ કરી છે.

નેશનલ સ્ટુડન્ટસ યુનિયન ઓફ ઈન્ડિયાના અંકિત બારોટ, વિશાલસિંહ ગુર્જર અને પાર્થિવરાજ કઠવાડિયાએ શિક્ષણ સચિવને પત્ર લખી સોમનાથ સ્કૂલની માન્યતા રદ કરવા જણાવ્યું છે. ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડની પરીક્ષા દરમિયાન પોતાના વિદ્યાર્થીઓને ટોપ ટેન બનાવવા માટે સોમનાથ સ્કૂલના સંચાલકોએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાયોલોજીનું પેપર લીક કર્યુ હતુ.

પરંતુ આજ સુધી બોર્ડે શાળા સામે પગલા ભર્યા નથી. આ એજ પુરવાર કરે છે કે રાજ્યનું શિક્ષણ ખાડે ગયુંછે. નિર્દોશ વિદ્યાર્થીઓને વારંવાર પુછપરછ માટે બોલાવવામાં આવે છે. પરંતુ મોટા આખલાઓને કોઈ નાથ નાખવા જતુ નથી. ત્યારે વિદ્યાર્થીઓની પજવણી બંધ કરવા અને મણીનગર સ્થિત સોમનાથ શાળાની માન્યતા રદ કરવા લેખિત રજૂઆત કરી છે અને સ્પષ્ટ શબ્દોમાં ચિમકી આપી છે કે વિદ્યાને રૂપિયાનું ઝાડ સમજતા સંચાલકોની ધરપકડ કરવામાં નહિ આવે તો જલદ કાર્યક્રમો કરવામાં આવશે.

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫, ગુજરાત

### જાહેર નિવિદા

આયોગે વિતરણ પરવાનેદારો અને બીજા સૂર્યથી ઊર્જા ઉત્પન્ન કરવામાં આને બીજા વાણિજ્ય મુદ્દાઓ વિજ અધિનિયમ-૨૦૦૩ની કલમો ૬૧(એચ), ૬૨(એ) અને ૮૬(૧)(ઈ)માં નિયત કર્યા મુજબ ઊર્જા મેળવવા માટે શુલ્ક નક્કી કરવા નમૂનાનું ચર્ચાપત્ર તૈયાર કરેલ છે. આ હુકમ વિતરણ પરવાનેદાર અને બીજા, સૂર્યથી ઊર્જા ઉત્પન્ન કરવાવાળા પાસેથી વીજળી મેળવનારાઓને લાગુ પડશે. જેથી આયોગે પોતાની વેબસાઈટ ઉપર આ નમૂનાનો ચર્ચાપત્ર હુકમ સ્ટેક હોલ્ડરો પાસેથી સૂચનો/વાંધાઓ મેળવવા મૂકેલ છે. (વેબસાઈટ : www.gercin.org)

આથી જાહેર કરવામાં આવે છે કે, વિતરણ પરવાનેદારો અને બીજા સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરવાવાળા પાસેથી વીજળી મેળવવામાં રસ ધરાવતા હોય તેઓ પ્રશુલ્ક અને બીજા વાણિજ્ય મુદ્દાઓ અંગેની પોતાના વાંધા / સૂચનો તા. ૨૨/૬/૨૦૧૫ કે તે પહેલા સમર્થ દસ્તાવેજો / સોગંદનામા સાથે પાંચ સેટમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫, ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫, ગુજરાત તપાસશે અને કાનૂની પ્રક્રિયા અનુસરીને આખરી નિર્ણય કરશે. ચર્ચાપત્ર માટેની સુનાવણીની તારીખ ૨૯/૬/૨૦૧૫ના રોજ ૧૧.૩૦ વાગ્યે નક્કી કરી છે.

ગાંધીનગર
તા. ૨/૬/૨૦૧૫
માહિતી/૫૫૨/૨૦૧૫-૧૬

સહી/-
સચિવ
જીઈઆરસી

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ